## પ્રવચન નં. ૧૨, સમયસાર, ગાથા-૩૨૦, (સ્થળ : દાદર)

સૂક્ષ્મ વિષય છે. અનાદિનો અભ્યાસ નથી ને એટલે એને ગહન અને કઠણ લાગે. પણ વસ્તુ તો એના ઘરની છે ... સત્ સત્ છે, સત્ સર્વત્ર છે, સત્ સરળ છે. પણ એનો અભ્યાસ નહિ અને વર્તમાન સાંભળવામાં મુખ્ય વાત પ્રયોજનભૂત ઊંચી આવે એટલે એને કઠણ અને ગહન લાગે છે.

આપણે અધિકાર અહીં આવ્યો છે કે આ આત્મા જે વસ્તુ છે એમાં બે પ્રકાર છે. એક ત્રિકાળી ધ્રુવપણું અને એક વર્તમાન પર્યાય-ઉત્પાદ-વ્યય-પર્યાય અવસ્થાપણું. ક્ષણ ક્ષણની અવસ્થા બદલે તેને પર્યાય કહીએ અને ત્રિકાળી બદલે નહિ અને કાયમ એકરૂપ રહે તેને ધ્રુવ કહીએ. ભાષા તો .. અભ્યાસ કરવો પડશે. આહા..હા..!

કહે છે કે, દેહાદિ, વાણી આદિ પર છે, એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. પોતાની, આત્માની જે હયાતી એનું હોવાપણું દ્રવ્ય અને ગુણપણે છે અને પર્યાયપણે હોવાપણું છે. શાસ્ત્રમાં એમ આવે છે કે દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એ સત્નો વિસ્તાર છે. ૧૦૭ ગાથા છે. પરવસ્તુ પરપણે રહી. અહીં તો આપણે આત્મામાં ઉતારવી છે. દ્રવ્ય એટલે અનંત ગુણનો પિંડ જે વસ્તુ છે એ સત્ છે. અને એના જ્ઞાન, દર્શન ને આનંદ આદિ શક્તિ છે, સ્વભાવ છે, ગુણ છે એ પણ સત્ છે. પણ દ્રવ્ય જેમ અવિનાશી સત્ છે એમ ગુણ જે ત્રિકાળી શક્તિઓ પણ અવિનાશી સત્ છે. હવે એમાં પર્યાય જે બદલતી દશા, એ છે તો સત્ પણ એની મુદ્દત એક સમયની છે. પલટતી દશા છે. એને પલટતી દશાને પર્યાય કહે છે.

હવે એને અહીંયાં કહે છે કે વસ્તુ જે છે એ પરમ સ્વભાવભાવ ધ્રુવ (છે). આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયનું જ્ઞાન ત્રણ કાળ અને ત્રણ લોકને જાણે છતાં તે એક સમયના જ્ઞાનનું સામર્થ્ય તેથી અનંતગણા લોક અને અલોક હોય તોપણ જાણે તેવી તેની એક સમયની જ્ઞાનની પર્યાયની તાકાત છે. એવા જે સર્વજ્ઞ ભગવાન, જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા. અગ્નિ કોને ન બાળે ? એમ જ્ઞાનની પર્યાય કોને ન જાણે ? બધું જાણે. હોય એટલું જાણે. ન હોય એ પણ જો અનંત હોય તોપણ જાણે એવી આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત છે. એવા સર્વજ્ઞ પરમાત્માને ઇચ્છા વિના વાણી નીકળી એમાં આ આવ્યું કે, ત્રિકાળી ચીજ નિષ્ક્રિય છે. આહા..હા..! નિષ્ક્રિય એટલે ? રાગબંધના કારણરૂપ મિથ્યાત્વ અને રાગ એ પરિણતિ ક્રિયાથી રહિત વસ્તુ છે. અને મોક્ષના કારણરૂપ જે નિર્મળ આનંદની દશા, પૂર્ણ આનંદનો મોક્ષ એને પામવાની અપૂર્ણ આનંદની દશા એ પણ ક્રિયા છે, તે ધ્રુવમાં નથી. સમજાય છે કાંઈ ?

**'માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ પરિણામિકભાવ ધ્યેયરૂપ છે.'** આહા..હા..! સરવાળો અહીં લેવો છે. ધર્મીને ધ્યેય કોણ ? ધર્મીને કઈ ચીજ લક્ષમાં લેવા લાયક છે ? કે ત્રિકાળી ચીજ એ ધર્મીને લક્ષમાં લેવા લાયક છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! અરે..! એની ચીજ શું છે ? એમાં શું ભંડાર છે ? આહા..હા..! અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિ એવા સ્વભાવનો સાગર આત્મા છે. એવો જે આત્મા શુદ્ધ ધ્રુવ પરિણામિકભાવ એ ધ્યેયરૂપ છે. મોક્ષની પર્યાય મોક્ષનું કારણ જે મોક્ષનો માર્ગ (એવી) મોક્ષમાર્ગની પર્યાય જે ધ્રુવને આશ્રયે પ્રગટી, ધ્રુવના ધ્યેયે (પ્રગટી) પણ એ પર્યાય પલટતી નાશવાન છે અને ત્રિકાળી ચીજ તે ધ્રુવ ને અવિનાશી છે. આહા..હા..!

એટલે 'યોગીન્દ્રદેવે' પણ કહ્યું છે કે

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खुकरेइ।**
**जिउ परमत्थें जोइया जिणवरु एउँ भणेइ ॥68॥**

જિનવર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સભાની વચ્ચે ઇન્દ્રો અને ગણધરોની ઉપસ્થિતિમાં એમ ફરમાવતા હતા, એમ 'યોગીન્દ્રદેવ' કહે છે. જિનવર એમ કહે છે કે, હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી. આહા..હા..! ભગવાન જે ત્રિકાળી ધ્રુવ ચીજ છે એ પર્યાયમાં આવતો નથી. સમજાય છે કાંઈ ?

જિનવર એમ કહે છે, ત્રિલોકનાથ. જેને સો ઇન્દ્રો તળીયા ચાટે ઇન્દ્રો જેની પાસે સભામાં ગલુડિયાની જેમ સાંભળે. આહા..હા..! એમાં જિનવર એમ કહે છે કે, જેને અમે જીવ કહીએ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ જીવ, એ જીવ પર્યાયમાં આવતો નથી. આહા..હા..! ઊપજતો નથી એટલે પર્યાયપણે થતો નથી. આહા..હા..!

ભાઈ ! આ તો પાતાળ કૂવાના પેટ છે. કોઈ દિ' સાંભળ્યું નથી, બેઠું નથી. બહારમાં ને બહારમાં આ કરવું, આ કરવું, આ મૂકવું. કાં ધ્યાન કરી લીધું. હમણા આવ્યો તો કહે ધ્યાન કરું છું. શેના ધૂળના ધ્યાન ? ચીજ શું છે એ દૃષ્ટિ થઈ નથી. અને દૃષ્ટિમાં એ ચીજ આવી છે એમ જ્ઞાન થયું નથી. તો જેમાં ઠરવું એ જ્ઞાન થયું નથી તો ઠરે શી રીતે ? ધ્યાન કરે ૐ... ૐ... ૐ... હવે લાખ ૐ-ૐ કરને, એ તો વિકલ્પ છે.

અહીંયાં તો કહે છે કે સ્વરૂપ જે ત્રિકાળ છે એનું જે ધ્યાન એમાં જીવ આવતો નથી, એમ કહે છે. આહા..હા..! છે ? 'યોગીન્દ્રદેવ' 'પરમાત્મપ્રકાશ'માં એમ ફરમાવે છે કે જિનવરદેવ સભામાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે એમ કહેતા હતા કે, હે યોગી ! યોગી એટલે અંદર આત્મા સ્વરૂપનું જોડાણ કરે એને યોગી કહેવાય. ત્રિકાળી ચીજમાં જ્ઞાનની પર્યાયને જોડે એ પર્યાયની અવસ્થા છે. પણ એક સમયની અવસ્થા તે ત્રિકાળી દળ નથી, ત્રિકાળી તો

ભિન્ન છે. ત્રિકાળી દળ એક સમયમાં આવતું નથી. એમ ભગવાન આત્માની પર્યાયમાં આત્મા આવતો નથી. અજબની વાતું છે, બાપા ! બીજાને તો એવું લાગે, આ શું કહે છે ? ગાંડા થઈ જશે. 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે, ધર્મીને અજ્ઞાનીને પાગલ માને અને ધર્મી અજ્ઞાનીઓને પાગલ માને. અને પાગલના એને રિપોર્ટ જોઈએ. શું કહેવાય ? સર્ટિફિકેટ. એ સર્ટિફિકેટ કહે તો સાચું. અરે..! હાલ.. હાલ..

એય... અહીંયાં તો પરમાત્માનું સર્ટિફિકેટ કહે છે કે એવું છે... આહા..હા..! કે જે ત્રિકાળી ચીજની દૃષ્ટિ જેણે કરી છે એવો જે સમ્યગ્દૃષ્ટિ એ એમ માને છે કે મારી પર્યાયમાં હું આખો આવતો નથી. આહા..હા..! મારી રમતું પર્યાયમાં દ્રવ્યને આશ્રયે થયા કરે છે. રાગમાં નહિ, પરમાં નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ બોધીબીજની વાત છે. આજે બીજ છે ને ? બીજ ઊગે એને પૂનમ થયા વિના ત્રણ કાળમાં રહે નહિ. બીજ ઊગે અને બીજ પણે જ અટકી જાય એમ ત્રણ કાળમાં થાય નહિ. પણ બીજ ને, ત્રીજ ને, પૂનમ એ બધી પર્યાયો છે. ચંદ્રની ત્રિકાળની. એમ ભગવાન આત્મા... આહા..હા..! પાગલ ને ગાંડા કહે એવું છે. દુનિયાના ડાહ્યા હોય એ.

અહીં તો આચાર્ય મહારાજ 'જયસેનાચાર્ય' પોતે આની ટીકા કરતાં, આધાર 'યોગીન્દ્રદેવ'નો પણ આપ્યો. હું કહું છું એમ નહિ પણ પરમાત્માની વાત તો 'યોગીન્દ્રદેવ' પણ કહે છે. એ એમ કહે છે, જિનવર તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા એમ કહેતા હતા કે પરમાર્થે જીવ ઊપજતો પણ નથી. પણ કેમ લીધું ? બીજું લેવું છે માટે પણ કેમ લીધું ? ઊપજતો પણ નથી. મરતો પણ નથી એ લેવા માટે પણ લીધું છે.

ફરીને. જે સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય ધ્રુવ છે અને ધ્રુવનું ધ્યાન કરતાં જે સમકિત પર્યાય પ્રગટ થાય છે એ પર્યાયમાં ધ્રુવ આવતો નથી. 'ઘેલા ન જાણશો રે પ્રભુને પહેલા છે. જગતડા કહે છે રે ભગતડા કાલા' કાલી કાલી વાતું કરે. આવો આત્મા... આવો આત્મા... સાંભળને હવે. .... 'જગતડા કહે છે ભગતડા કાલા છે. પણ કાલા ન જાણશો રે, પ્રભુને એ વહાલા છે.' જેને આનંદનો નાથ વહાલો છે, જેને ... વહાલી નથી, પર્યાય વહાલી નથી એને ભગત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? 'ડાહ્યાભાઈ' !

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ... ૪૮ મું વ્યાખ્યાન ચાલે છે. સાંભળો, બાપા ! આ છે. વીતરાગના ઘરની વાતું આ છે. એ સિવાય કાંઈ બીજી કરે એ વીતરાગના ઘરની નહિ. એના સ્વચ્છંદની વાતું બધી છે. સમજાણું કાંઈ ? અહીં તો દાંડી પીટીને કહે છે, ક્યાં ... વાતો. આહા..હા..!

કહે છે, **'જીવ ઊપજતો પણ નથી...'** આહા..હા..! ગજબ નાથ ! એને અમે જીવ કહીએ, જે ત્રિકાળી ધ્રુવને અમે જીવ કહીએ છીએ. એ જીવ પર્યાયમાં, ધર્મની પર્યાયમાં આવતો નથી રાગમાં તો ક્યાંથી આવે ? રાગમાં તો છે ક્યાં એમાં ? આ તો જેને આશ્રયે

ધર્મ પરિણતિ આનંદદશા સમકિત પ્રગટ્યું. એમાં એ જીવ ઉપજતો નથી, પર્યાયમાં ધ્રુવ આવતો નથી. બીજી એક અપેક્ષા એવી છે કે ધર્મની પર્યાય જે ઊપજે છે એને ધ્રુવના આશ્રયની જરૂર નથી. ગજબ વાતું છે, બાપા ! આ તો અલકમલકની નહિ, અગમ્યગમ્યની છે. આ તો સમ્યગ્દર્શન થવાની પહેલી રીત આ છે. બાકી બધા થોથાં છે. શું કીધું એ ?

જે વસ્તુ છે ત્રિકાળ ભગવાન ધ્રુવ, સમ્યગ્દર્શનની પર્યાયનો એ વિષય છે પણ વિષયી, જે વિષય કરનાર પર્યાય છે એમાં પણ આવતો નથી. એક વાત. અને જે સમ્યગ્દર્શનની પર્યાય આનંદની દશા ઉત્પન્ન થઈ એને ૧૦૧ ગાથા 'પ્રવચનસાર' દિવ્યધ્વનિનો સાર. જે આત્માનું અંતર સમ્યગ્દર્શન, જેના સમ્યગ્દર્શનમાં અખંડાનંદ પ્રભુ અને નિત્ય-કાયમરૂપે ધ્રુવ રહે છે, એને જેણે ધ્યેય બનાવ્યું એને સમ્યગ્દર્શન થાય. એ સમ્યગ્દર્શનમાં નિમિત્ત ધ્યેય નથી. દેવ-ગુરુ પણ ધ્યેય નથી. દેવ-ગુરુની શ્રદ્ધા-રાગ રાખે એ પણ એના સમ્યગ્દર્શનમાં ધ્યેય નથી. રાગની મંદતા એ સમ્યગ્દર્શનમાં ધ્યેય નથી. સમ્યગ્દર્શન આદિની જે પર્યાય છે એ પણ સમ્યગ્દર્શનનું ધ્યેય નથી. આહા..હા..!

અરે..! એવો પરમાત્મા અંદર રહી જાય છે કે જેની આડમાં રાગની મંદતા અને પર્યાયબુદ્ધિમાં રોકાઈને ચિદાનંદ નાથ પ્રભુ રહી ગયો. અનંત વાર મુનિપણું લીધું, નગ્ન મુનિ થયો. ... અનંત વાર દિગંબર મુનિ થયો. એટલે શું ? પંચ મહાવ્રતના વિકલ્પ લીધા એથી શું ? એ કોઈ ચીજ નથી. ચીજ તો આનંદનો નાથ પ્રભુ અંદર... આહા..હા..! જેમાંથી અનંતી આનંદની દશાઓ વહે, જેમાંથી અનંતના જ્ઞાનની, કેવળજ્ઞાનની પર્યાય વહે એવું જે સાધન વસ્તુ ત્રિકાળ, એની દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન-ધર્મની પહેલી શરૂઆત થતી નથી. આહા..હા..!

એટલે ઘણાને એમ લાગે કે નિશ્ચય અને વ્યવહાર શાસ્ત્રમાં બે કહ્યા છે. બે કહ્યા, પ્રભુ ! પણ કોને ? જેણે અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! અંતર શાંતિ અને આનંદનો સાગર પ્રભુ, એનો જેને અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ થયો છે, એવા નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને જે કંઈ પૂર્ણ વીતરાગ દશા નથી અને અશુભથી બચવા એને શુભભાવ આવે છે તેને સમકિતીને નિશ્ચયવાળાને વ્યવહાર કહેવામાં આવે છે. ... એમાં રાગની મંદતા છે એ પુણ્ય છે. પણ એ બહારમાં .... માટે એને ધર્મ થયો, એમ નથી.

મુમુક્ષુ :– બાર લાખ મફતમાં ગયા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– હતા કે દિ' એના ? એના કે દિ' હતા તે મફતમાં જાય ? આ બેઠા, આ બેઠા જુઓ ! 'જુગરાજજી'. એમાં તો બન્યું છે એવું, અહીંની છાપ એવી છેને જરી કે મહારાજની લાકડીમાં કાંઈક છે. ક્યાં ગઈ લાકડી ? લાકડીમાં કાંઈ નથી, પ્રભુ ! એ તો પરસેવો હાથમાં આવે, શાસ્ત્રને અડાય નહિ એ ખાતર લાકડી છે. લાકડી કોઈને ફેરવીએ છીએ અને પૈસા (મળે છે), એવું ત્રણ કાળમાં છે નહિ. પણ બની જાય

એવું કે 'ભભુતમલે' આઠ લાખ ખર્ચ્યા. એમાં સોળ દિ' અહીંયાં રોકાણા અને બે કરોડનું સ્ટીલ હતું એના ચાલીસ લાખ વધી ગયા. આ રહ્યા. 'બેંગલોર'. ત્યાં લોકોને એમ લાગે કે ઓહોહોહો મહારાજની (લાકડી) ફરે ત્યાં પૈસા (થઈ જાય છે). બાપુ ! એ કાંઈ નથી, ભાઈ ! એ તો વર્તમાન સત્ય વાત સાંભળતા એનો શુભભાવ છે એ પુણ્ય છે એને લઈને પૂર્વના પુણ્યમાં પુણ્ય બંધાઈ જાય અને એનો ઉદય આવી જાય તો એને લઈને પૈસા આદિ ધૂળ મળે. પૈસા આદિ ધૂળ. એ કાંઈ આત્માનું કાર્ય છે અને આત્માને લાભ છે એવી તો કોઈ ચીજ છે નહિ. આહા..હા..!

અહીંયાં તો વ્યવહાર એને કહીએ કે જેને જ્ઞાયક આનંદના નાથનો અનુભવ (થઈને), જેને વર્તમાન દશામાં ત્રિકાળી ભગવાનનો પત્તો ખાઈ ગયો છે કે આ તો આનંદનો સાગર છે. આહા..હા..! જેને વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદનો અતીન્દ્રિય સ્વાદ આવ્યો છે. આહા..હા..! એ અતીન્દ્રિય સ્વાદની દશાને સમકિત કહેવામાં આવે છે. સમજાય છે ? કે જે અતીન્દ્રિય સ્વાદ આગળ સમકિતીને ઇન્દ્રના ઇન્દ્રાસનો, કરોડો અપસરાઓ અને ઇન્દ્રોના ભોગ, અતીન્દ્રિય આનંદના સ્વાદની આગળ, સમકિતની પ્રતીતની આગળ એ ઇન્દ્રના ભોગો સડેલા કૂતરા અને મીંદડાની ગંધ મારે (એવા લાગે છે). ... એ મમતાને લઈને છે. અને નિર્ધન દુઃખી છે એ કાંઈ પૈસા નથી માટે (દુઃખી છે એમ) નથી પણ હું નિર્ધન છું એવી દીનતાના કારણે દુઃખી છે. સમજાય છે કાંઈ ? અહીં તો એમ કહેવું છે... વ્યવહાર અને નિશ્ચય ભગવાને કીધો (છે), વ્યવહાર અને નિશ્ચય (ભગવાને કીધો છે), પણ વ્યવહાર ને નિશ્ચય કોને હોય ?

એ અહીં કહે છે, **'ધ્યાનરૂપ ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી.'** આહા..હા..! ગજબ છે ને ! એકરૂપ સદૃશ્ય ધ્રુવ ચૈતન્ય ભગવાન અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ એ ધ્યેયરૂપ છે એટલે કે લક્ષમાં લેવા લાયક છે અને લક્ષમાં લેવા લાયકમાં ધ્યાનની પર્યાય એમાં નથી. છે ? **'ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી.'** આહા..હા..! આવી વાતું. મુદ્દાની રકમની વાતું છે. પાંચ-દસ લાખ રૂપિયા આપ્યા હોય. આઠ આના કે રૂપિયે (વ્યાજે આપ્યા હોય). ગમે તે (હોય) અત્યારે પહેલા આઠ આના ને છ આના હતા ને. વીસ વર્ષ સુધી ખાધું હોય અને પછી કહે, ભાઈ ! મેં દસ લાખ આપ્યા છે અને વીસ વર્ષ ખાધું છે. લાવો. પૈસા નથી. હાય.. હાય ! વ્યાજ ખાઈને મરી ગયો. મુદ્દાની રકમ તો છે નહિ. એમ પુણ્યના દેણા કરી કરીને અનાદિથી મરી ગયો. પણ મુદ્દાની રકમ જે રાગ વિનાનો આનંદનો નાથ પ્રભુ છે, એ મુદ્દાની રકમને ભૂલી ગયો. શું કર્યું તેં ત્યારે ? મીંડા કર્યા. આહા..હા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનવરદેવ.. એમ આવ્યું ને ? જુઓ ! **'કારણ કે વિનશ્વર ધ્યાન છે.'** આહા..હા..! આ ફરીને લીધું થોડું. 'યોગીન્દ્રદેવે' પણ કહ્યું છે. 'પરમાત્મપ્રકાશ' એક સિદ્ધાંત છે. એમાં 'યોગીન્દ્રદેવમુનિ' દિગંબર મુનિ આત્મજ્ઞાની આનંદના રસીયા,

સ્વસંવેદનમાં પ્રચુર આનંદના અનુભવી, એને મુનિ કહેવામાં આવે છે. 'શ્રી યોગીન્દ્રદેવ' કહે છે કે, **'હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી.'** આહા..હા..! શરીરપણે ઊપજતો નથી એમ નહિ. શરીરનો જન્મ થયો માટે જન્મ્યો એમ નહિ. શરીરનો વ્યય થયો માટે મરણ થયું એમ નહિ. ખીલી વાગે, લોઢું વાગે... 'પ્રવીણભાઈ'! બધી ખબર તો હોય ને તમારી ? (ત્યારે એમ કહે), પાણી અડવા દેશો નહિ. કેમ ? મારી માટી પાકણી છે એમ કહે છે. શું કહે છે ઇ ? લોઢાના કાટવાળી ખીલી-બીલી વાગી હોય. મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ. એ શું બોલે છે ? મારી માટી પાકણી છે. આને માટી કહે છે અને વળી કહે છે કે મારી છે. એ માટીનો માટી ચૈતન્ય ભગવાન અંદર જુદી ચીજ છે. સમજાણું કાંઈ ? એનો જાણનારો.

એ અહીં કહે છે કે એ ચૈતન્યના ધ્યેયને પકડ્યા વિના જે કંઈ રાગની મંદતાની ક્રિયા હોય તે મડદા છે. એમાં મૂર્છાઈ ગયા છે તે મિથ્યાદષ્ટિ જીવ છે. આહા..હા..! પણ જેને ધ્યેયનો અનુભવ થયો છે પછી એને રાગની મંદતા આવે છે, એ છે તો અચેતન પણ એને વ્યવહાર કહેવામાં આવે છે. એકડા વિનાના મીંડાને મીંડા ગણવામાં આવતા નથી. પણ એકડો હોય અને પછી મીંડુ મૂકે તો નવની સંખ્યા વધારી દે. પણ ઓલો એકડો છે એ વધારી દે છે, હોં !

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ.. **'પરમાર્થે જીવ ઊપજતો પણ નથી.'** પર્યાયમાં આવતો નથી એમ કહે છે. શરીરમાં આવતો નથી એમ નહિ. આ તો માટી-ધૂડ છે. એની સાથે કાંઈ સંબંધ નથી. **'પરમાર્થે જીવ ઊપજતો..'** નામ વર્તમાન પર્યાયમાં, નિર્મળ પર્યાયમાં પણ તે દ્રવ્ય ધ્રુવ આવતું નથી. કેમકે પર્યાય એક સમયની છે અને ધ્રુવ ત્રિકાળ છે. ત્રિકાળ એક સમયમાં આવી જાય તો બીજે સમયે પર્યાય નાશ થાય તો ત્રિકાળ પણ નાશ થઈ જાય. (પરંતુ) એમ બનતું નથી. આહા..હા..! આવા નિયમો અને કાયદા.

**'મરતો પણ નથી.'** મરતો એટલે ? આ શરીર મરે એ નહિ. પણ એની વર્તમાન અવસ્થા છે એ વ્યય થાય. બીજે સમયે ઊપજે છે બીજી અવસ્થા. પહેલી અવસ્થા ઊપજી હતી એનો વ્યય થાય અને બીજી અવસ્થા ઊપજે છે. દરેકમાં પરિણમન બદલ્યા કરે છે. એમાં પ્રથમ અવસ્થાનો વ્યય થાય તેને મરણ કહે છે. શું કહે એકલા કોથળાને ? શણનો કોથળો. એકલા કોથળાને શું કહે ? શણનો કોથળો, લુગડાનો કોથળો, દોરનો, સુતરનો કોથળો જે કોઈ હોય પણ આ તો શણનો થાય છે. પણ (માલ) ભરે ત્યારે એને એમ કહેવાય કે આ ધાનનો કોથળો, બાજરાનો કોથળો.

એમ આત્મા આનંદનો નાથ પ્રભુ જ્યારે સમ્યગ્દર્શનમાં અનુભવાય છે, એ માલ જ્યારે પ્રગટ્યો ત્યારે રાગની મંદતા અને વ્યવહાર કોથળો બારદાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ મૂક્યું હતું ને ભાઈ આપણે ? 'રમેશ-રમેશ'. મૂક્યું હતું. ... શું કીધી

ભાષા ? ... ભાષા તો ગુજરાતી સારી મુકી છે. આહા..હા..!

કહે છે, નિત્યાનંદ પ્રભુ ધ્રુવ જે છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે ધર્મીનું ધ્યેય છે. આહા..હા...! ધર્મીની દૃષ્ટિ ત્યાં ધ્રુવ ઉપર તરવરે છે. એ પર્યાયમાં વ્યય થતાં મરતો નથી, પર્યાય ઊપજતાં તે એમાં ઊપજતો નથી. તેમ બંધને કરતો નથી. ત્રિકાળી ચીજ મિથ્યાત્વને કરતી નથી, એમ કહે છે. મિથ્યાશ્રદ્ધા જે છે, પરમાં સુખ નથી છતાં સુખ માને એવો મિથ્યાત્વભાવ એ ધ્રુવતત્ત્વ નથી કહે છે, પર્યાય છે. આહા..હા..! અને મોક્ષ કરતો નથી. છે ? ધ્રુવ ચીજ છે એ મોક્ષ કરતી નથી. આહા..હા..! નિર્મળ પર્યાયનો કર્તા નિર્મળ પર્યાય છે. નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ નથી. જંગલમાંથી કાળા નાગ ધીમે ધીમે ચાલ્યા આવે. એ સભામાં બેસે. જોડે ઉંદર હોય તો એને ભય નહિ. એવા જે સાંભળે ભગવાનની વાણી... આહા..હા..! ડોલી ઉઠે આખી દુનિયા એ વખતે. અમૃતના સાગરની ધોધ વાણી નીકળે દિવ્યધ્વનિ... એ દિવ્યધ્વનિ, આ જિનવરે કીધેલી છે. એ ધ્વનિમાં આમ કહ્યું છે. આહા..હા...!

શું કહ્યું ? .. અહીં શું કહે છે ? જે વસ્તુ ત્રિકાળી છે એને ધ્યેય બનાવીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ પ્રગટ્યો એ પર્યાય છે. શું કહ્યું ? જે ત્રિકાળી જ્ઞાયક આનંદનો નાથ, પ્રભુ ! પાતાળ કૂવો છે અંદર, એમાં દૃષ્ટિ મૂકીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ થયું એને એક શુદ્ધનયાશ્રિત, એકદેશ શુદ્ધનયાશ્રિત... પૂર્ણ થાય એ તો કેવળજ્ઞાન થયું. પણ આ તો મોક્ષનો માર્ગ છે એ એકદેશ શુદ્ધનય છે. એક અંશે શુદ્ધ છે. ભાષા જુદી, ભાવ જુદા. સામાયિક, પોષા, પડિક્કમણા કરીને મરી ગયા. પણ આ શું છે એની ખબર ન મળે. આહા..હા..!

કહે છે, જે આત્મા ત્રિકાળી પ્રભુ ! જેને પરિણામિકભાવે ધ્રુવ કહ્યો છે અને જેની પર્યાયમાં ચાર પર્યાય, ચાર ભાવ કહ્યા હતા, એમાં ઉદયભાવ તો મલિન છે. દયા, દાન, વ્રત. એને તો છોડ, એ કાંઈ મોક્ષનું કારણ નથી. પણ મોક્ષના કારણ તરીકે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એટલે જેની નિર્વિકારી દશાને મોક્ષનું કારણ કહ્યું હતું એ નિર્વિકારી દશા એકદેશ શુદ્ધનયાશ્રિત છે. એ શુદ્ધનય પૂરી નથી. એક ભાગ શુદ્ધનયાશ્રિત આ ભાવના. આ ભાવના એટલે મોક્ષમાર્ગ પર્યાય. કહેવા ધારેલી આંશિક શુદ્ધિ.. છે ને ? ....નો અર્થ કર્યો. ... નો અર્થ કર્યો કહેવા ધારેલી, કહેવા માગીએ છીએ તે. છતાં એ વીતરાગી પર્યાયમાં ધ્રુવ આત્મા આવતો નથી. ભગવાન ! વાતું બાપુ.. આખી દુનિયા બધું ઘણું કહે. બધું સાંભળ્યું, જોયું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીં તો (સંવત) ૧૯૬૫ની સાલથી આ બધા શાસ્ત્રનો અભ્યાસ દુકાન ઉપરથી હતો. ૬૫ની સાલ. કેટલા વર્ષ થયા ? કેટલા આચારંગ, સૂયગડાંગ, ઠાણાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન બધા દુકાન ઉપર (વાંચેલા). પિતાજીની દુકાન હતી. નિવૃત્તિ ઘણી. હું ભગત કહેવાતો. નાની ઉંમરથી આ અભ્યાસ કરતાં કરતાં કરતાં બધું આવ્યું જ્યાં... એમાં 'સમયસાર' જ્યાં હાથ

આવ્યું... આ..હા..! અરે..! એક શેઠ હતા ગૃહિત. એણે કહ્યું, શેઠ ! અશરીરિ થવાનું પુસ્તક હોય તો આ 'સમયસાર' છે. આ (સંવત) ૧૯૭૮ની સાલની વાત છે. ૨૨ ને ૩૨. ૫૪ વર્ષ પહેલાની વાત છે. આહા..હા..!

એ અહીં કહે છે. આત્માના પોતાના સ્વભાવ નિર્મળ સમકિત, નિર્મળ જ્ઞાન દ્વારા જણાયો છે. રાગ દ્વારા કે વિકલ્પના ધ્યાન દ્વારા જણાય એવો એ ભગવાન આત્મા છે નહિ. અને એને એમ જાણવું કે રાગ દ્વારા જણાય (તો) એ આત્માને કલંક લગાડવા જેવું છે. સમજાણું કાંઈ ? એના .. છે. આપણે તો આ એટલું જ છે.

ઊપજતું નથી અને બંધ-મોક્ષને કરતો નથી. આહા..હા..! એ પર્યાય બંધને કરે ને પર્યાય મોક્ષને કરે અને પર્યાય ઊપજે અને પર્યાય વ્યય થાય. ધ્રુવ જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે એ તો બંધ અને મોક્ષને પણ કરતું નથી. થોડું લખ્યું ઘણું કરીને જાણજો.

L L L